Extra No. 324

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **THURSDAY, SEPTEMBER 11, 2025 / BHADRA 20, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

-: ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ખ) મુજબનું :-

વંચાણમાં લીધું ::-

- કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), મહેસાણાના જા. નં.જા.પ્ર/SRPDN/SD-2/૫૪૪/ સને ૨૦૨૫ તા.૦૬/૦૯/૨૦૨૫

જાહેરનામા ક્રમાંક.એમએજી(૧)/વશી/૧૧૦૬૮ થી ૧૧૧૩૬/૨૦૨૫.-કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), મહેસાણાના જા. નં.જા.પ્ર/SRPDN/SD-2/૫૪૪/ સને ૨૦૨૫ તા.૦૬/૦૯/૨૦૨૫થી રાધનપુર-સમી-હારીજ-ચાણસ્મા રસ્તા (SH-55) પર ગામ-ગોચનાદ, તા.સમી, જી.પાટણ પાસે કિ.મી. ૬/૫૫૨ પર આવેલ બનાસ નદી ઉપરનો હયાત બ્રિજ વર્ષ-૧૬૯૫ માં બનાવવામાં આવેલ હોઈ, જેને ધ્યાને રાખતાં આગામી સમયમાં કોઈ અનઈચ્છનીય બનવ ન બને તે હેતુથી તકેદારીના ભાગ રૂપે ૧.૮ મીટરની ઊંચાઈ વાળા તથા 3 MT વજન સુધીનાં LMV ને બ્રીજ પરથી પસાર થવા મંજુરી આપીને, ભારે વાહનોના ટ્રાફીકને પુલ ઉપરથી પ્રતિબંધિત કરી, નીચે મુજબના અન્ય રસ્તા ઉપર ડાયવર્ઝન આપવા માટે જરૂરી જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

રાધનપુર (કી.મી. 0+00) થી ચાણસ્મા (કી.મી. 60+410) SH-55 રોડ જી.પાટણ બનાસ નદી પરના ગોચનાદ બ્રીજના ડાયવર્ઝન			
ક્રમ	રૂટ	વાહનનો પ્રકાર	વૈકલ્પિક રૂટ
૧	રાધનપુર થી પાટણ આવવા /જવા માટે	મોટા / ભારે વાહનો માટે	રાધનપુર-સીનાડ-દુનાવાડા-પાટણ
૨	રાધનપુર થી હારીજ આવવા /જવા માટે	મોટા / ભારે વાહનો માટે	રાધનપુર-સીનાડ-ઉન-થરા-ટોટાના-રોડા-વેજાવાડા-બોરતવાડા-હારીજ
૩	રાધનપુર થી હારીજ આવવા /જવા માટે	મોટા / ભારે વાહનો માટે	રાધનપુર-સીનાડ-દાદર-જસંવતપુરા બોરતવાડા-હારીજ
૪	રાધનપુર થી સમી આવવા /જવા માટે	મોટા / ભારે વાહનો માટે	રાધનપુર-સીનાડ-દાદર-સમી

સબબ, રાધનપુર-સમી-હારીજ-ચાણસ્મા રસ્તા (SH-55) પર ગામ-ગોચનાદ, તા.સમી, જી.પાટણ પાસે કિ.મી. ૬/૫૫૨ પર આવેલ બનાસ નદી

ઉપરનો હયાત બ્રિજ ઘણો જૂનો હોઈ, બ્રિજ પરના ભારે વાહનોના ટ્રાફિકને પુલ ઉપરથી પ્રતિબંધિત કરી અન્ય રસ્તા પર ડાયવર્ટ કરવાની માંગણી પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવક્ય જણાય છે.

વાસ્તે હું તુષાર ભટ્ટ (IAS), જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૩(૧)(ખ) થી મને મળેલ સત્તાની રૂએ તા.૦૯/૦૯/૨૦૨૫ થી તા. ૦૭/૧૧/૨૦૨૫ સુધી નીચેના જાહેર રસ્તાનો ઉપયોગ કરવા આદેશ ફરમાવું છું.

રાધનપુર (કી.મી. 0+00) થી ચાણસ્મા (કી.મી. 60+410) SH-55 રોડ જી.પાટણ બનાસ નદી પરના ગોચનાદ બ્રીજના ડાયવર્ઝન			
ક્રમ	**રૂટ**	**વાહનનો પ્રકાર**	**વૈકલ્પિક રૂટ**
૧	રાધનપુર થી પાટણ આવવા /જવા માટે	મોટા / ભારે વાહનો માટે	રાધનપુર-સીનાડ-દુનાવાડા-પાટણ
૨	રાધનપુર થી હારીજ આવવા /જવા માટે	મોટા / ભારે વાહનો માટે	રાધનપુર-સીનાડ-ઉન-થરા-ટોટાના-રોડા-વેજાવાડા-બોરતવાડા-હારીજ
૩	રાધનપુર થી હારીજ આવવા /જવા માટે	મોટા / ભારે વાહનો માટે	રાધનપુર-સીનાડ-દાદર-જસંવતપુરા બોરતવાડા-હારીજ
૪	રાધનપુર થી સમી આવવા /જવા માટે	મોટા / ભારે વાહનો માટે	રાધનપુર-સીનાડ-દાદર-સમી

શિક્ષા ::- આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ ૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા પોલીસ ખાતા દ્વારા કરવાની રહેશે. તેમજ રોડ બંધ છે તેવા બોર્ડ જે તે સ્થળોએ સ્થાનિક પોલીસે મુકવાના રહેશે.

આજ રોજ તારીખ :૦૯/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની માટે બહાર પાડવામાં આવે છે.

તુષાર ભટ્ટ IAS,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
પાટણ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.10.15 16:24:35 IST